# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૫ તા.૯-૧૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :-'સ્વચ્છત ભારત મિશન' અંતર્ગત મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવા બાબત**

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રી દ્વારા ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત, ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી, સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા **'સ્વચ્છ ભારત અભિયાન'** કાર્યક્રમનો તા.૦૨-૧૦-૨૦૧૪ થી શુભારંભ કરવામાં આવેલ. આ સ્વચ્છ ભારત મીશનના ધ્યેયને સિધ્ધ કરવા માટે સરકારશ્રી દ્વારા જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમોના આયોજન અને અમલીકરણ વડે લોકભાગીદારીથી પરિણામલક્ષી કાર્યક્રમો પાર પાડવા માટે તમામ મહાનગર પાલિકાઓ તથા નગરપાલિકાઓને આવરી લેવામાં આવેલ છે. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા થીમેટીક સ્પે.ડ્રાઇવનું આયોજન,વ્યક્તિગત શૌચાલયો બનાવવા, જન જાગૃત્તિ કેળવાય તે હેતુસર સફઇ રેલી, શેરી નાટક, પેપર શો, સીનીયર સીટીઝન સાથે ગૃપ મીટીગનુ આયોજન કરવું, હોર્ડીગ્સ તથા બેનર લગાડવા, સ્વચ્છ ગ્રહીની નિમણૂંક વગેરે પ્રકારની કામગીરી કરવામાં આવી રહેલ છે.

'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત જાન્યુઆરી-૨૦૧૭ના પ્રથમ સપ્તાહથી દેશના ૫૦૦ શહેરમાં <u>સ્વચ્છતા સર્વેક્ષણ</u> શરૂ થનાર છે. આ સર્વેક્ષણ દરમ્યાન કરવાની થતી વિવિધ કામગીરી/કાર્યક્રમોમા શહેરના નાગરીકોની સહયોગ લેવો ખુબ જ જરૂરી છે. જેથી મ્યુનિ. કોર્પોરેશનના તેમજ સ્કૂલ બોર્ડના તમામ અધિકારી/કર્મચારીઓ તથા નાગરિકો દ્વારા <u>મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ</u> કરીને પોઝીટીવ ફીડબેક લેવામાં આવશે. આ મોબાઈલ સ્વચ્છતા એપ દ્વારા કોઈપણ સમસ્યા જેવી કે મ્યુનિ. શાળાઓ કે અન્ય શહેરી વિસ્તારોમાં કચરાની ગાડી ન આવી હોય, જન શૌચાલયમાં પાણી નથી, મૃત પશુ, કચરો ના વાળ્યો હોય, જન શૌચાલયની સફાઈ, કચરાપેટી ન ઉપાડવી, જન શૌચાલયમાં વીજળી ન હોય વિગેરે સમસ્યાનો ઝડપી ઉકેલ લાવી શકાશે. સદર મોબાઈલ સ્વચ્છતા એપ વધુને વધુ લોકો ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરે તે ખાસ જરૂરી છે. કારણ કે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭માં મોબાઈલ સ્વચ્છતા એપના ઉપભોક્તાને ધ્યાનમાં લઈ માર્કસ આપવામાં આવશે. <u>સ્વચ્છતા સર્વેક્ષણના રેન્કીંગમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન મોખરાનું સ્થાન મેળવે તે હેતુસર</u> અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં ફરજ બજાવતાં વર્ગ-૧ થી ૪ તમામ અધિકારી / કર્મચારીઓ શિક્ષકો દ્વારા મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરવા તથા આપના ફરજના વિસ્તારના નાગરિકો તેમજ અન્યને મોબાઈલ સ્વચ્છતા એપનો વધુને વધુ ઉપયોગ કરે તે માટે સમજણ આપવા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવા માટે અત્રેથી અધિકારીશ્રીઓને તાલીમ આપવામાં આવી છે, તો ૧૦/૧૨/૨૦૧૬ સુધીમાં તમામ શિક્ષકોએ ડાઉનલોડ કરવાની રહેશે.

તા.૯-૧૨-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી

- પ્લે સ્ટોર અને એપ સ્ટોરમાં જઈ Swachhata- MOUD એપ ડાઉનલોડ કરવાની રહેશે.
- Swachhata- MOUD એપ ડાઉનલોડ થઈ ગયા બાદ ભાષા પસંદ કરી આપનો મોબાઈલ નંબર નાખવાનો રહેશે.
- ત્યાર બાદ આપના મોબાઈલમાં આવેલ OTP નંબર નાખવાનો રહેશે.
- આમ સ્વચ્છતા એપમાં આપનું રજીસ્ટ્રેશન થઇ જશે.
- સ્વચ્છતા બાબતની કોઈપણ ફરીયાદ આ એપ્લીકેશન દ્વારા કરી શકો છો, જેમા ફોટો પાડી, જગ્યાનું નામ લખી મોકલી આપવાનુ રહેશે.